સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગો માટે "ઉન્નત વર્ગ" (creamy layer) માં સમાવેશ થતો નથી તેવુ પ્રમાણપત્ર આપવા આવક મર્યાદા વધારવા બાબત.

S. J. & E. DEPTT.
12 MAR 2014

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૧૩/૩૯૯૮૯૮/અ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧/૩/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૮/૯/૯૩નું ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંકઃ૫૩૬૦૧૨/૨૨/૯૩ ઇએસટી(એસસીડી)

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૧/૧૧/૯૫નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૪/ખાન.૧૦૯/અ

(૩) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૬/૨/૯૬નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૯૪/૯૫૯/અ

(૪) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨/૧૧/૯૭નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૬/૯૪૪/અ

(૫) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮/૭/૯૮નો પરિપત્ર ક્રમાંકઃસશપ/૧૪૯૭/૧૭૪૫/અ

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮/૬/૯૯નો પરિપત્ર ક્રમાંકઃસશપ/૧૪૯૯/મ.૧૫/અ

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૧૨/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૯૮/મ.૨૩૮/અ

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૫/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૯૮/મ.૨૩૮/અ

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯/૮/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૨૦૦૯/૨૯૭૩૬૮/અ

(૧૦) ભારત સરકારના પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૨૭/૫/૨૦૧૩નું ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંકઃ૩૬૦૩૩/૧/૨૦૧૩ ઇએસટી(આરઇએસ)

ઠરાવઃ-

રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગ (creamy layer)માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂ.૪.૫૦ લાખ આમુખના ક્રમાંકઃ૯ માં જણાવેલ આ વિભાગના તા.૯/૮/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૨૦૦૯/૨૯૭૩૬૮/અ થી નિયત કરવામાં આવેલ છે. ભારત સરકારે અન્ય પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગ (creamy layer)માંથી બાકાત રાખવા માટે રૂ.૬.૦૦ લાખની આવક મર્યાદા આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ૧૦ પરના ભારત સરકારના પર્સોનલ,

પબ્લીક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૨૭/૫/૨૦૧૩નું ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંકઃ ૩૬૦૩૩/૧/૨૦૧૩ ઇએસટી(રેશ) થી નિયત કરેલ છે. ભારત સરકારે નિયત કરેલ આ રૂ. ૬.૦૦ લાખની આવક મર્યાદા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉન્નત વર્ગ (creamy layer) માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂ.૪.૫૦ લાખમાંથી વધારી રૂ. ૬.૦૦ લાખ કરવા માટેની રાજ્ય સરકારને મળેલ રજુઆતોને ધ્યાને લઇ રાજ્ય સરકાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉન્નત વર્ગ (creamy layer) માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂ.૪.૫૦ લાખ માંથી વધારી રૂ. ૬.૦૦ લાખ કરવાનું ઠરાવે છે. આ વધારેલ રૂ.૬.૦૦ લાખની આવક મર્યાદા તા.૧/૪/૨૦૧૪થી અમલમાં આવશે.

રૂ.૬.૦૦ લાખની આ આવક મર્યાદા આ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૯૪/આ.૧૦૯/અ ના પરિશિષ્ટ-૬(ક) માં જણાવેલ માપદંડ સંદર્ભે નિયત કરવામાં આવે છે.

ઉન્નત વર્ગ (creamy layer) માટેની આ આવક મર્યાદા સિવાયની અન્ય શરતો અને જોગવાઇઓ રાજ્ય સરકારે વખતોવખતના ઠરાવથી નકકી કર્યા મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર..
- માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક. મંત્રીશ્રી(સા.શૈ.પ.વ..)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, અને ૨ સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.

- *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, છ.૫, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,બહુમાળી મકાન ,લાલ દરવાજા, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત પંચાયત પસંદગી મંડળ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર..
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ૪, ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ(તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ).
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- તમામ ખાતાના વડાઓ.
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા).
- વિભાગની તમામ શાખાઓ.
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી.

– કોમ્પ્યુટર શાખામાં વેબસાઇટ પર મૂકવા માટે.

*પત્ર ધ્વારા